# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-02-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

***************************************************

1) કેન્દ્ર સરકારે સમગ્ર દેશની સહકારી બેન્કોને મદદરૂપ થવા એક અમ્બ્રેલા ઓર્ગેનાઇઝેશનની રચના કરી છે.
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કિસાન સન્માન નિધિ યોજનાના આશરે દસ કરોડ ખેડૂતો માટે 22 હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ સોમવારે છુટી કરશે.
3) પ્રધાનમંત્રી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે.
4) કેન્દ્ર સરકારે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટેના કોચીંગ ક્લાસીસના વિદ્યાર્થીઓને આશરે દોઢ કરોડ રુપિયાની રાહત મળે એ બાબત સુનિશ્ચિત કરી છે.
5) પાકિસ્તાન સરકારે કરાંચીની જેલમાંથી મુક્ત કરેલા 22 માછીમારોને આવતીકાલે સવારે ભારતને વિધિવત સોંપવામાં આવે તેવી સંભાવના છે.
6) ભારતના એથ્લેટ ગુલવીર સિંહે હાંગઝાઉમાં યોજાઇ રહેલા એશિયાઇ રમતોત્સવમાં પુરુષોની પાંચ હજાર મીટર દોડમાં નવો એશિયાઇ અને રાષ્ટ્રીય વિક્રમ સ્થાપ્યો છે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## AMIT SHAH-PUNE

કેન્દ્ર સરકારે સમગ્ર દેશની સહકારી બેન્કોને આર્થિક મુશ્કેલીઓમાંથી ઉગારવા અને મદદરૂપ થવા એક અમ્બ્રેલા ઓર્ગેનાઇઝેશન એટલે છત્ર સંસ્થાની રચના કરી છે.

કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિત શાહે આ અંગે વધુમાં જણાવ્યું કે ...

(બાઇટ- અમિત શાહ, અમ્બ્રેલા ઓર્ગેનાઇઝેશન)

તેઓ આજે પુણેમાં જનતા સહકારી બેંકના પ્લેટિનમ જ્યુબીલી કાર્યક્રમમાં બોલી રહ્યા હતાં. વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા સહકાર મંત્રાલયની રચના અંગે જણાવતા શ્રી શાહે કહ્યું કે ....

(બાઇટ- અમિત શાહ, વિકસિત ભારત)

ત્યારબાદ પુણેમાં યોજાયેલી પશ્ચિમ વિભાગ પરિષદની બેઠકના અધ્યક્ષસ્થાનેથી બોલતાં શ્રી અમિત શાહે સહકારી બેન્કોને નવી ટેક્નોલોજી અપનાવવા ઉપર  ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું સહકાર યુનિવર્સીટી વિધેયક સહકારી શિક્ષણને વધુ મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . .

## MODI - PM KISAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી  પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના દેશભરના આશરે દસ કરોડ ખેડૂતો માટે 22 હજાર કરોડ

રૂપિયાથી વધુ રકમ છુટી કરશે. આ પ્રસંગે સમગ્ર દેશના 731 કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે ખાસ કાર્યક્રમો યોજાશે. જેમાં આશરે બે થી અઢી કરોડ ખેડૂતો પ્રત્યક્ષ અથવા વર્ચ્યુઅલી જોડાશે.

કેન્દ્રીય કૃષિમંત્રી શીવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે લાભાર્થી ખેડૂતોને સહાયની રકમ લાભના સીધા હસ્તાંતરણ એટલે કે ડીબીટી દ્વારા ખાતામાં અપાશે. તેમણે કહ્યું કે ખેડૂતોના કલ્યાણને કેન્દ્ર સરકાર અગ્રતા આપી રહી છે. એના ભાગરૂપે પીએમ કિસાન યોજના હેઠળ અત્યાર સુધીમાં 11 કરોડથી વધુ ખેડૂત પરિવારોને આશરે સાડા ત્રણ લાખ કરોડ રૂપિયા અપાયા છે.

. . . . . . . . . . . . . . . .

## PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન

પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

## PM - VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મધ્યપ્રદેશ, બિહાર અને આસામની મુલાકાતે જશે.

પ્રધાનમંત્રી આવતીકાલે મધ્યપ્રદેશના બાગેશ્વર ધામ તબીબી અને વિજ્ઞાન સંશોધન સંસ્થાનું ભૂમિપૂજન કરશે. અદ્યતન ઉપકરણો અને નિષ્ણાત તબીબો સાથેની સૂચિત કેન્સર હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની વિનામૂલ્યે સારવાર કરાશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી આવતીકાલે ભોપાલમાં બે દિવસ માટેની વૈશ્વિક રોકાણકાર પરિષદનું ઉદ્દઘાટન કરશે.

આ સોમવારે શ્રી મોદી બિહારના ભાગલપુર ખાતેથી પ્રધાનમંત્રી કિસાન યોજનાના લાભાર્થીઓ માટે સહાયની રકમ છુટી કરશે. તેમજ બિહારમાં વિવિધ વિકાસકામોનું ઉદ્દઘાટન અને લોકાર્પણ કરશે.

ત્યારબાદ પ્રધાનમંત્રી આસામમાં ચ્હા ઉદ્યોગને 200 વર્ષ પૂર્ણ થયા એ નિમિત્તે ગુવહાટી ખાતે યોજાનાર ઝુમોઇર બિનંદિની કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આગામી મંગળવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુવહાટીમાં યોજાનારી બીજા તબક્કાની રોકાણકાર અને માળખાકીય વિકાસ માટેની પરિષદનું ઉદ્દઘાટન કરશે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

. . . . . . . . . . . . . . .

## PRADHAN-DU CONVOCATION

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ભારપૂર્વક જણાવ્યું છે કે ભારતની પ્રતિષ્ઠા વૈશ્વિક સ્તરે લઈ જવા માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની રચના કરવામાં આવી છે.

આજે નવી દિલ્હીમાં, દિલ્હી યુનિવર્સિટીના 101મા પદવીદાન સમારોહને સંબોધતા, શ્રી પ્રધાને જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના અમલીકરણ દ્વારા વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવું શક્ય બનશે. તેમણે વધુમાં કહ્યું કે ....

(બાઇટ- **કેન્દ્રીય શિક્ષણ મંત્રી** ધર્મેન્દ્ર પ્રધાન, નવી શિક્ષણનીતિ)

. . . . . . . . . . . . . . .

# CENTRE REFUNDS

કેન્દ્ર સરકારે વિવિધ સ્પર્ધાત્મક અને અન્ય પરીક્ષાઓ માટેના કોચીંગ ક્લાસીસમાં ભણતા વિદ્યાર્થીઓને આશરે દોઢ કરોડ રૂપિયાની રાહત મળે એ બાબત સુનિશ્ચિત કરી છે.

વિવિધ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન દ્વારા નોંધાવેલી ફરિયાદના આધારે ગ્રાહક બાબતોના કેન્દ્રીય મંત્રાલયે 600 થી વધુ વિદ્યાર્થીઓને આર્થિક રાહત મળે તેવા પગલાં લીધા છે. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન ઉપર  કેટલાક કોચીંગ ક્લાસીસ દ્વારા અપેક્ષા મુજબ અધ્યાપન કાર્ય ન થવું, વર્ગો મોડા શરૂ કરવા, અને કેટલાક અભ્યાસક્રમો રદ્દ કરવા જેવી અયોગ્ય વ્યવસાયિક પ્રવૃત્તિ થતી હોવા અંગે ફરિયાદ કરી હતી.

કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલયે વિદ્યાર્થીઓના આર્થિક હિતો સાચવવા પારદર્શક રીફંડ નીતિ સાથેના વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને વ્યવસાયિક અભિગમ રાખવાની સૂચના કોચીંગ ક્લાસીસને આપી છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું છે કે વિદ્યાર્થીઓના યોગ્ય રીફંડના દાવાઓ નકારી કાઢવાની અયોગ્ય રીતને સાંખી લેવાશે નહીં, તેમજ બધી જ શૈક્ષણિક સંસ્થાઓએ ગ્રાહકોના અધિકારોનું રક્ષણ કરવું જોઇએ તેવી સૂચના પણ અપાઇ છે.

. . . . . . . . . . . . . . .

# GUJ-FISHERMEN

પાકિસ્તાન સરકારે કરાંચીની માલિર જેલમાંથી ગઇકાલે મુક્ત કરેલા 22 માછીમારોને આવતીકાલે સવારે ભારતીય અધિકારીઓને વિધિવત સોંપવામાં આવે તેવી સંભાવના છે. આ માછીમારોએ નિર્ધારીત સજાની મુદત પૂર્ણ કરી હોવાથી તેમને મુક્ત કરવામાં આવ્યા છે. મુક્ત કરાયેલા માછીમારો પૈકી 15 માછીમારો ગીરસોમનાથ જિલ્લાના અને 3 જણાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના નિવાસી છે. જ્યારે 3 માછીમારો દીવના નિવાસી છે.

અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ જણાવે છે કે પાકિસ્તાન મરીન એજન્સી દ્વારા આ માછીમારોએ પાકિસ્તાનના જળ વિસ્તારમાં પ્રવેશ કર્યો હોવાના આક્ષેપ સાથે તેમની ધરપકડ કરી હતી.

. . . . . . . . . . . . . . . .

# REV. GULVEER SINGH RECORD

ભારતના એથ્લેટ ગુલવીર સિંહે હાંગઝાઉમાં યોજાઇ રહેલા એશિયાઇ રમતોત્સવમાં પુરુષોની પાંચ હજાર મીટર દોડમાં નવો એશિયાઇ અને રાષ્ટ્રીય વિક્રમ સ્થાપ્યો છે. આ દોડ તેમણે બાર મિનિટ અને 59 સેકન્ડમાં પૂર્ણ કરી હતી.

આ સાથે ગુલવીર સિંહ, આગામી સપ્ટેમ્બર મહિનામાં જાપાનના ટોકિયો ખાતે યોજાનાર વિશ્વ એથ્લેટિક સ્પર્ધા 2025 માટે ક્વૉલિફાય થયા છે.

ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયામાં ગુલવીર સિંહે પુરૂષોની 3 હજાર મીટર દોડ માત્ર 7 મિનિટ અને 38 સેકન્ડમાં પૂર્ણ કરીને નવો રાષ્ટ્રીય વિક્રમ નોંધાવ્યો હતો. ગુલવીરસિંહ આ સ્પર્ધામાં બીજા સ્થાને રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## PUNE OPEN TENNIS

ભારતની જીવન નેન્દુચેન્ઝીયન અને વિજય પ્રશાંતની જોડીએ પુણેમાં રમાઇ રહેલી એટીપી ચેલેન્જર ઓપન ટેનિસ સ્પર્ધામાં પુરૂષોના ડબલ્સનો ખિતાબ જીતી લીધો છે.

સ્પર્ધાની ફાયનલમાં જીવન અને વિજયની જોડીએ ઓસ્ટ્રેલિયાની બ્લેક બેલ્ડન અને મેથ્યુ રોમિયોઝની જોડીને 2-1 થી પરાજય આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## PUNE BEACH-INCIDENT

મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં આવેલા પર્યટન સ્થળ તરકાર્લી દરિયાકાંઠે ન્હાવા ઉતરેલા પુણેના બે યુવાનોના ડુબી જવાથી મોત નીપજ્યાં છે.

પુણેના પાંચ યુવાનો દરિયામાં ન્હાવા ઉતર્યા હતા, ત્યારે તીવ્ર મોજાના લીધે બે યુવાનોના ડૂબી જવાથી મોત નીપજ્યા હતા, જ્યારે એકને ઇજા થઇ છે.

. . . . . . . . . . . . . . . .

## PM ADMINISTRATION AWARDS

જાહેર વહીવટમાં નોંધપાત્ર કામગીરી માટે અપાતા પ્રધાનમંત્રી જાહેર વહીવટ પુરસ્કાર માટે દોઢ હજારથી વધુ  નામાંકનો મળ્યા છે.

જિલ્લા અને આકાંક્ષાવાળા ઘટકોમાં સર્વગ્રાહી વિકાસ માટે કામગીરી કરનાર કર્મચારીઓને પાંચ પુરસ્કારો અપાશે. આ ઉપરાંત નવકલ્પના શ્રેણીમાં છ પુરસ્કારો અપાશે.

ઉલ્લેખનીય છે કે આગામી 21મી એપ્રિલે દિલ્હીમાં ઉજવાનાર નાગરિકા સેવા દિવસ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિજેતાઓને આ પુરસ્કારો એનાયત કરશે.

. . . . . . . . . . . . . . . .